**૪) વ્યક્તિગત કારણો :** (૧) સ્વાસ્થ્ય સંબંધિત કારણો, (૨) વિદ્યાર્થીઓના મિત્ર દ્વારા મજાક કે તિરસ્કાર, (૩) રમતમાં કે અન્ય પ્રવૃત્તિઓમાં વધારે રસ

**૫) સામાજિક કારણો :** (૧) સમાજમાં બાળકને અભ્યાસ માટે પ્રોત્સાહન ન મળવું. (૨) મિત્રોનો નકારાત્મક પ્રભાવ (ગેરહાજરી તરફ ખેંચાવું), (૩) ગામ વિસ્તારમાં શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા

➢ **<u>માહિતીનું એકત્રીકરણ :</u>**

માહિતી એકત્રીકરણ કરવાની માહિતી પ્રામાણિક આધાર આપે છે. પદ્ધતિની અસરકારકતા ચકાસે છે. તુલનાત્મક અભ્યાસ અને શિક્ષક માટે પધ્ધતિ સુધારવા માટે મદદ કરે છે. કેટલીક પધ્ધતિથી માહિતી એકત્રીત કરી.

૧) વિદ્યાર્થીઓને તેમની ગેરહાજરીનાં કારણો, અભ્યાસ પ્રત્યેનો અભિગમ અને શાળાની પ્રવૃતિઓમાં રસ વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યાં.

૨) પસંદ કરેલાં અનિયમિત વિદ્યાર્થીઓ સાથે વ્યક્તિગત વાતચીત કરવામાં આવી. માતા-પિતાનાં ઇન્ટરવ્યુ લેવામાં આવ્યાં જેથી, ઘરેલુ પરિસ્થિતિ, આર્થિક સ્થિતિ અને શૈક્ષણિક જાગૃતિ વિશે માહિતી મળી શકે. શિક્ષકો સાથે ચર્ચા કરીને અનિયમિત વિદ્યાર્થીઓનાં વર્તન અને પ્રગતિ વિશે જાણકારી મેળવી.

૩) હાજરી રજિસ્ટરનું અવલોકન કરીને વિદ્યાર્થીઓની હાજરીની ટકાવારી નોંધવામાં આવી. શાળાનાં રોજિંદા વર્ગમાં વર્તન, રસ અને શૈક્ષણિક ભાગીદારીનું નિરીક્ષણ કરવામાં આવ્યું.

૪) પરીક્ષાનાં પરિણામો અને પ્રગતિ પત્રકનું વિશ્લેષણ કરાયું. ગેરહાજરી અને શૈક્ષણિક પરિણામ વચ્ચેનો સંબંધ શોધવામાં આવ્યો.

આ વિવિધ પધ્ધતિઓ દ્વારા એકત્ર કરાયેલી માહિતી સંશોધકને વિદ્યાર્થીઓની અનિયમિતતાનાં કારણો, અસરો અને ઉકેલો શોધવામાં મદદરૂપ બની.

➢ **<u>ઉત્કલ્પના :</u>**

**૧)** પરિવારની આર્થિક પરિસ્થિતિ નબળી હોય એટલે કે માતા **કે** પિતામાંથી કોઇ ગંભીર બીમારીનાં કારણે બાળક પર પૂરતું ધ્યાન ન આપી શકતા હોવાથી વિદ્યાર્થી શાળામાં અનિયમિત રહેવાની શકયતા વધારે હોય છે.

**૨)** દૂર ગામથી આવતા વિદ્યાર્થીઓને વાહન (બસ-ગાડી) ન મળવું, રસ્તા ખરાબ હોવા, બસ મોડી આવવી, રસ્તાનું સમારકામ થતું હોવું જેવા સંભવિત કારણોસર પણ બાળકો અનિયમિત રહે છે.

**૩)** વિદ્યાર્થીનાં સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓને કારણે શાળામાં હાજરીમાં અનિયમિતતા જોવા મળે છે. જેથી બાળકને મેડિકલ ટ્રીટમેન્ટ આપવામાં આવે તો બાળક નિયમિત આવી શકે છે. પૌષ્ટિક આહાર પૂરતાં પ્રમાણમાં આપવામાં આવે તો બાળકનું સ્વાસ્થ્ય સુધરી શકે અને નિયમિત રહે છે.

**૪) વિષયોમાં રસ** ન હોવો કે અભ્યાસમાં કમજોરીના કારણે વિદ્યાર્થીઓ શાળા છોડવા કે અનિયમિત રહેવાની પ્રવૃતિ કરે છે. આત્મ વિશ્વાસનો અભાવ, શાળામાં નકારાત્મક અનુભૂતિઓ અથવા સાથી વિદ્યાર્થીઓ સાથેનાં મતભેદ, હેરાનગતિ, મારા-મારી વગેરે અનિયમિતતાને પ્રોત્સાહિત કરે છે.

➢ **<u>પ્રયોગ કાર્ય :</u>**

- જો કોઇ કારણસર બાળક શાળામાં આવવામાં મોડું પડે તો તેને પ્રેમપૂર્વક સમજાવી તેને મોડું તો મોડું પણ શાળામાં હાજર રહેવાની સમજ આપી.
- વિદ્યાર્થીને રૂબરૂ બેસાડીને સમસ્યા પૂછી એનું નિરાકારણ લાવી તેમને નિયમિત કર્યા. જો બાળક વધારે ગેરહાજર રહેતું હોય તો માતા-પિતાને ફોન કરી સાચી હકીકત જાણી અને શાળાએ કેમ ન આવી શકયો ? તેની સમજણ આપી વિદ્યાર્થીને નિયમિત કર્યા.
- જો વિદ્યાર્થી ગેરહાજર રહે તો બીજા દિવસે રજા ચિઠ્ઠી મંગાવવી, તેનું કારણ અને માતા કે પિતાની સહી કરી માહિતી મેળવી. વિદ્યાર્થી બીમાર હોય તો મેડીકલ સર્ટી મંગાવી ગેરહાજરીની માહિતી મેળવી.

➢ **<u>માહિતીનું પૃથ્થકરણ :</u>**

૧) વિદ્યાર્થી સંબંધિત માહિતી, ૨) ગેરહાજરીનાં કારણો (આરોગ્ય , કૌટુંબિક, આર્થિક પરિસ્થિતિ), ૩) શૈક્ષણિક પરિણામ મુજબ (સારી, મધ્યમ, નબળી પ્રગતિ ધરાવતા વિદ્યાર્થીઓ), ૪) શિક્ષકોનાં અભિપ્રાય મુજબ, ૫) વાલીઓની પરિસ્થિતિ અને દૃટિકોણ